મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૩ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૨૭ ટકા
ગાંધીનગર તાપમાન

મનપા દ્વારા ઘાસચારાનું ટેન્ડર જાહેર

શહેર ઢોરમુક્ત થયું નથી અને સવા કરોડનો ઘાસચારો પકડાયેલ ઢોરોને ખવડાવવા માટે ટેન્ડરની જાહેરાત : ગાંધીનગર વસાહત મહાસંઘ દ્વારા વિરોધ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની થોડા સમય અગાઉ મળેલી સામાન્ય સભામાં શહેરને રખડતા ઢોરથી મુક્ત કરવાની સૂફીયાણી જાહેરાત કરાઈ હતી. જાહેરાતની હજી તો અસરકારક અમલવારી શરૂ થઈ નથી એ પહેલા જ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પકડાયેલા ઢોર માટે ૧.૨૫ કરોડનો ઘાસચારો ખરીદવા માટેનું ટેન્ડર બહાર પાડી દેવામાં આવતા સવાલો ઉઠયા છે. ગાંધીનગર મનપા અસ્તિત્વમાં આવ્યું ત્યારથી નગરજનો પાસેથી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાના બહાને કરોડો રૂપિયાનો ટેકસ વસુલી લેવાયો છે. તેમ છતાં ગાંધીનગરમાં હજી સુધી મનપા તંત્ર શહેરને રખડતા ઢોર, કચરો, ઝુંપડપટ્ટી, આડેધડ ઉભા થયેલા દબાણોથી મુકત કરવામાં મનપા તંત્ર સર્દતર નિષ્ફળ નિવડયું છે. શહેરને એક તરફ સ્માર્ટ સીટી બનાવવા માટે કરોડો રૂપિયાના ટેન્ડરો બહાર પાડીને લીલાછમ વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે. ઠેર ઠેર રખડતા ઢોર, કચરાના ઢગલા નજરે ચઢતા હોવા છતાં તંત્ર માત્ર કાગળીયા પર જ કાર્યવાહી કરીને સંતોષ માની રહી છે. આ અંગે શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરમાં કરોડો રૂપિયાના ટેન્ડરો બહાર પાડીને વિકાસના કામોના બહાને ભ્રષ્ટાચાર થતો હોવાની વાત નવી નથી. શહેરીજનો પાસેથી જ ટેકસ ઉઘરાવવામાં આવે છે એની સામે સુવિધાઓ પુરી પાડવામાં કોર્પોરેશન તંત્ર હજી ઉણું ઉતર્યું નથી. શહેરમાં રખડતા ઢોરો, ઝુંપડપટ્ટી, દબાણો, ઠેર ઠેર કચરાના ઢગલા, ગટર ઉભરાવવી સહિતની ઢગલાબંધ સમસ્યાઓની હાલાકી નાગરિકો ભોગવી રહ્યા છે.

કોર્પોરેશનની સામાન્ય સભામાં રખડતા ઢોરથી શહેરને મુકિત આપવાની જાહેરાત કરી દેવાઈ હતી. તેમ છતાં શહેરમાં રખડતા ઢોરો ફરી રહ્યા છે તો બીજી તરફ કલેકટરે પણ જાહેરનામું બહાર પાડીને જાહેરમાં ઘાસચારો વેચવાની, સંગ્રહ કે ખવડાવવા સામે પ્રતિબંધ લાદી દીધો છે છતાં ઘાસચારાનું વેચાણ ચાલુ છે. એમાંય હજી તો કોર્પોરેશન રખડતા ઢોર મામલે નકકર કાર્યવાહી કરવામાં નિષ્ફળ નીવડી છે. શહેર ઢોર મુકત થયું નથી અને વર્ષ ૨૦૨૨-૨૩ અન્વયે સવા કરોડનો ઘાસચારો પકડાયેલ ઢોરોને ખવડાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. હજી રખડતા ઢોર પકડયા નથી અને આટલા બધા રૂપિયાનો ઘાસચારો કોણ ખાઈ જશે એ પણ મોટો પ્રશ્ન છે તેમ મહાસંઘના પ્રમુખે ઉમેર્યું હતું.

આજે સમદર્શન આશ્રમમાં પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડનું 'હસો, હસાવો અને હસી નાખો' - વિષયક પ્રવચન

ગાંધીનગરના નાગરિકોને સમદર્શન આશ્રમનું પ્રેમસભર આમંત્રણ

ગાંધીનગર, તા.૭

ગુજરાતના સુપ્રસિધ્ધ હાસ્ય કલાકાર અને હાસ્ય લેખક પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડ રવિવારે ગાંધીનગરના સમદર્શન આશ્રમ પધારી રહ્યા છે. આ વિશેષ ઉપકમે સમદર્શન આશ્રમ તરફથી શ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડના જાહેર પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૮મી મે રવિવારે સાંજે ૫.૩૦ કલાકે સમદર્શન આશ્રમ, સેકટર-૧ ખાતે શ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડ 'હસો, હસાવો અને હસી નાખો' વિષય અંતર્ગત પ્રવચન આપશે.

આનંદ અને અધ્યાત્મના પવિત્ર સંગમસમા શાહબુદ્દીનભાઈ રાઠોડે હંમેશા સહકુટુંબ માણી શકાય એવું હાસ્ય સર્જ્યું છે. તેઓ કહે છે કે, 'વાણી,

વિચાર અને વર્તનની સંવાદિતામાંથી જીવન સર્જાય છે અને જીવનની વિસંવાદિતામાંથી હાસ્ય નિષ્પન્ન થાય છે.' હાસ્યના ક્ષેત્રમાં મહાત્મા ગાંધીજી જેમની પ્રેરણા રહ્યા છે એવા શ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડ ગાંધીનગરના નાગરિકોને મનનીય વક્તવ્ય આપશે.

મનની મજા માટે કેવી રીતે હસી શકાય, ચિત્તના આનંદ માટે અન્યને કેવી રીતે હસાવી શકાય અને અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે પણ પ્રસન્ન રહેવા કેવી રીતે હસી નખાય એ સંદર્ભે હળવી શૈલીનું પ્રવચન માણવા ગાંધીનગરના નાગરિકોને સમદર્શન આશ્રમ તરફથી પ્રેમસભર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા બાળશિક્ષણની નૂતન પદ્ધતિઓ અંગે શિક્ષકોને અપાયું પ્રશિક્ષણ

ગાંધીનગર, તા.૭

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ હર્ષદભાઈ શાહની પ્રેરણા અને કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનથી હાલમાં શિક્ષણશાસ્ત્ર વિભાગ અને વિદ્યાનિકેતન વિભાગના સંયુક્ત ઉપકમે યુનિવર્સિટી સંલગ્ન વિવિધ વિદ્યાનિકેતન શાળાઓના શિક્ષકો માટે 'બાળશિક્ષણની નૂતન પદ્ધતિઓ' વિષય પર એક દિવસીય પ્રશિક્ષણ વર્ગનું આયોજન ડી. એન. હાઈસ્કૂલ આણંદમાં થયું હતું. આ વર્ગમાં રાજયભરમાંથી ૫૦ શિક્ષકો સહભાગી થયા હતા. પ્રશિક્ષણ વર્ગમાં શિક્ષણશાસ્ત્ર વિભાગના અધ્યાપકો પ્રો. રણજીતસિંહ પવાર, ડૉ. જિજ્ઞેશ પટેલ, ડૉ. મીનળબા જાડેજા, ડૉ. રૂપમ ઉપાધ્યાય, ડૉ. નીલેશ પંડ્યા અને ડૉ. કુણાલ પંચાલે તજજ્ઞ તરીકે કાર્ય કર્યું હતું. વિશેષમાં આંતરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત યોગ વિશેષજ્ઞ ભાનુભાઈ પંડ્યાએ આમંત્રિત તજજ્ઞ તરીકે કાર્ય કરી શિક્ષકોને માર્ગદર્શન કર્યું હતું. પ્રશિક્ષણમાં ફ્લિપડ ક્લાસરૂમ, સહકારયુક્ત અધ્યયન, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું શિક્ષણ અને ઉચ્ચ માનસિક પ્રક્રિયા, ભાવાત્મક ક્ષેત્રનું અધ્યાપન, શિક્ષણમાં યુ-ટ્યૂબનો ઉપયોગ, રમતો દ્વારા શિક્ષણ અને યોગ દ્વારા શિક્ષણ જેવા વિવિધ વિષયો પર પ્રવૃત્તિલક્ષી સત્રો થયાં. પ્રશિક્ષણ વર્ગના આયોજનમાં વિદ્યાનિકેતનના સ્ટાફ ડૉ. ચિરાગ સોલંકી, ડૉ. પાર્થવી ડામોર, શ્રી જયદેવ ધાંધિયા, શ્રી હાર્દિક ભટ્ટએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઊઠાવી હતી.

બિનજરૂરી વિજવપરાશ અટકાવવા જનજાગૃતિ જરૂરી : રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૭

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે ઊર્જા બચતની પહેલ કરતા જણાવ્યુ છે કે, ઉર્જાની બચત લોકોની આદત અને સ્વભાવ અને તે દિશામાં કાર્ય કરવાની આવશ્યકતા છે. રાજ્યપાલશ્રીએ રાજભવન ખાતે ઊર્જા બચત સંદર્ભે સંલગ્ન વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓની બેઠકમાં માર્ગદર્શક સૂચનો કરીને પર્યાવરણની રક્ષા અને ઊર્જાના કાર્યક્ષમ ઉપયોગ માટે ઊર્જા બચતની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો હતો.

રાજ્યપાલશ્રીના માર્ગદર્શક સૂચનોને ધ્યાને લઈને રાજ્યમાં બિનજરૂરી વપરાશ અટકાવવા અને ઊર્જા બચત પ્રત્યે લોકજાગૃતિ કેળવવા ઊર્જા વિભાગના અગ્ર સચિવશ્રીના વડપણ હેઠળ એક કમીટીની રચના કરવામાં આવી છે. જે કમીટી રાજ્યભરમાં ઊર્જા બચાવવાનું મંથન કરી સંબંધિત કાર્યાલયો-વિભાગોને નિર્દેશ આપશે અને લોકજાગૃતિ કેળવવા માર્ગદર્શન આપશે.

રાજ્યપાલશ્રીએ આ બેઠકમાં માર્ગદર્શક સૂચન કરતા જણાવ્યુ હતુ કે, સરકારી કચેરીઓમાં કચેરી શરૂ થાય કે તરત જ લાઈટની સ્વીચ ઓન થાય છે અને કચેરી બંધ થાય થાય ત્યારે સ્વીચ ઓફ થાય છે. આ સ્થિતિને બદલીને જ્યારે જરૂર હોય ત્યારે જ લાઈટનો ઉપયોગ થાય અને જરૂર ન હોય ત્યારે લાઈટ-પંખા કે એરકંડીશનર બંધ કરવાની આદત અધિકારી-કર્મચારીઓમાં વિકસે તે માટેની સમજ કેળવવી જરૂરી છે. આ સંદર્ભે બેઠકમાં નક્કી થયા મુજબ એક પરિપત્ર દ્વારા સરકારી કચેરીઓમાં વીજળીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા જણાવવામાં આવશે.

રાજ્યપાલશ્રીએ આ બેઠકમાં સુચન કર્યું હતું કે, સેન્સર ઓપરેટેડ સ્ટ્રીટ લાઈટ સૂર્યાસ્ત થતાં જ ચાલુ થાય છે અને સૂર્યોદય બાદ પણ ચાલુ રહે છે. આવા સંજોગોમાં અંધારું થાય ત્યારે જ સ્ટ્રીટ લાઈટ ચાલુ થાય અને વહેલી સવારે બંધ થાય તે રીતે સમયનું આયોજન થાય તે જરૂરી છે. સ્ટ્રીટ લાઈટ માત્ર અડધો કલાક મોડી ચાલુ થાય અને અડધો કલાક વહેલી બંધ થાય તો લાખો રૂપિયાની વીજળીની બચત થઈ શકશે. આ જ રીતે પૂનમના દિવસે ચંદ્રના પ્રકાશનો મહત્તમ ઉપયોગ થઈ શકે તે રીતે મોડી રાત્રે સ્ટ્રીટ લાઈટનો ઉપયોગ સમિતિ કરવામાં આવે તો મોટી માત્રામાં વીજળીની બચત થઈ શકશે, તેમ પણ રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતુ.

ગુજરાતનું પાટનગર ગાંધીનગર અને ન્યુ ગાંધીનગર જે ઝડપે વિકસ્યું છે એ સ્વપ્રવત છે અને એ વિકાસ પછી હવે નિયમિત જાળવણીને પહોંચી વળવું એ પડકાર જેવું થઈ ગયું છે. અને આ જાળવણી કે રિપેરીંગ માટે પરંપરાગત સાધનો, ઉપાયો છોડીને નીતનવાં સાધનો, ઉપાયો શોધવા એ પણ જરૂરી બની ગયું છે. રોડ, વીજળી, પાણી જેવી જરૂરિયાતો માટે આવાં ઉપાયો, સાધનોની તાતી જરૂરિયાત છે અને તે અપનાવવામાં પણ આવી રહ્યાં છે. જાહેર રસ્તા પર ઊભા કરેલા પોલના કુડાસણ સરદાર ચોક સર્કલ પાસે કેમેરા લગાવવામાં આવેલ છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૫૮મી નિઃશુલ્ક તાલીમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૫૮ મી સર્વ નેતૃત્વ પાંચ દિવસીય નિવાસી તાલીમ શિબિર સર્વ વિદ્યાલય કડી કેમ્પસ ખાતે યોજાઈ હતી. જેમાં ૧૮ કોલેજના ૭૧ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તાલીમાર્થીઓ દ્વારા રોજ સવારે ૫:૩૦ થી રાતના ૧૦:૦૦ વાગ્યા સુધી વિવિધ પ્રવૃતિઓ દ્વારા હકારાત્મક અભિગમ સાથે સ્વંવિકાસના પાઠ ટ્રેનર સુરેશ પટેલ દ્વારા શીખવવામાં આવ્યા હતા જેમાં મોબાઈલથી દૂર રહી તાલીમ મેળવવા નો પ્રતિસાદ યુવાનો પાસે સારો મળ્યો હતો.

આજે રાંધેજા ખાતે ભજન-સત્સંગનું ભવ્ય આયોજન

ગાંધીનગર, તા.૭

દેસાઈ પરિવારના સ્વજનોના સ્મરણાર્થે ૮ મે ના રોજ રાત્રે ૯ કલાકે અંબાજી મંદિર પાછળ રબારી વાસ રાંધેજા ગાંધીનગર ખાતે સુંદરધામ આશ્રમ વાળા ગોસ્વામી દિલિપગુરૂજીની ભાવ ભક્તિ રસમય શૈલીમાં ભજન સત્સંગના ભવ્ય જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વેને પધારવા પ્રેમભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

બિન અનામત અમલીકરણ સંકલન સમિતિ ની રાજ્ય ના ગૃહમંત્રી હર્ષ સંઘવી સાથે ભરતીના પ્રશ્નો બાબતે સર્વે સમાજના આગેવાનોએ રજુઆત કરી હતી જેમાં ગૃહમંત્રીએ ઘટતું કરવાની ખાત્રી આપી હતી.

વગર વરસાદે શહેરમાં ભૂવો પડયો છે. ઘ-૫ સર્કલથી સેકટર-૨૩ તરફ જતાં રોડ પર જ મોટો ભૂવો પડયો છે. જેના કારણે વાહનચાલકોને તકલીફ પડી રહી છે.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. વાઘેલા કુનાલી વિજયસિંહ**, ઉ.વ. ૧૫, વાવોલ
- **સ્વ. ઠાકર સુભદ્રાબેન ગૌરીશંકર**, ઉ.વ. ૮૬, સેકટર-૨૩

ચૌધરી નર્સિંગ કોલેજ ખાતે નર્સિસ વીકની ઉજવણી

ચૌધરી ઈન્સ્ટીટયૂટ ઓફ નર્સિંગમાં બેઝીક બીએસસી નર્સિંગ, જીએનએમ તથા પોસ્ટ બેઝિક બીએસસી નર્સિંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ કેમ્પસમાં શનિવારે 'નર્સિસ વીક'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અખિલ આંજણા કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ એમ.કે.ચૌધરી, કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી અને ચૌધરી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગના પ્રિન્સપાલ મયુક જૈન, આસિ. પ્રોફેસર મોનિકા ક્રિશ્ચિયન, ફેકલ્ટી મેમ્બર તથા નોન ફેકલ્ટી મેમ્બરની ઉપસ્થિતિમાં કેક કાપીને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને વિદ્યાર્થીઓ દ્વારા નર્સ સાથે સંકળાયેલા વિષયોમાંથી કિવઝ સ્પર્ધાનું આયોજન કરીને નર્સિસ વીકની ઉજવણી કરવામાં આવી હતી.

શિલ્પ ગ્રુપ દ્વારા ગિફ્ટ સીટી ખાતે ગ્રીન રેસિડેન્શિયલ બિલ્ડીંગ લોન્ચ કરવામાં આવશે

૫૮૫ રેસિડેન્શિયલ યુનિટ સાથેના પ્રોજેક્ટનું ગિફ્ટ સીટી ખાતે નિર્માણ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૭

ભારતનાં પહેલા ઓપરેશનલ સ્માર્ટ સીટીમાં, જ્યાં પ્રથમ કાર્યરત આઈએફએસસી ઓથોરિટી પણ છે એવા ગિફ્ટ સીટીમાં શિલ્પ ગ્રુપે પહેલું ગ્રીન રેસિડેન્શયલ બિલ્ડીંગ લોન્ચ કરવામાં આવશે. ગિફ્ટ સિટીમાં આ વિદેશીઓ માટે રોકાણ માટેની સારી તક બનશે અને લોકલ ઈકોનીમી માટે પ્રેરક બની રહેશે.

તાજેતરમાં શિલ્પ ગ્રુપ દ્વારા ચેનલ પાર્ટનર મીટ યોજાઈ હતી. જેમાં શિલ્પ ગ્રુપે પોતાના ત્રણ મોટા રેસિડેન્શિયલ પ્રોજેક્ટ લોન્ચ કર્યા છે. એમાં ગિફ્ટ સિટીના સ્પેશિયલ ઈકોનોમીઝોનમાં શિલ્પ ગ્રુપ દ્વારા પહેલું ગ્રીન રેસિડેન્શિયલ બિલ્ડીંગનું લોન્ચ થયું છે. અમદાવાદ ખાતે

આયોજિત ચેનલ પાર્ટનર મીટ માં સમગ્ર ગુજરાત માંથી ૧૨૦૦ થી વધારે ચેનલ પાર્ટનર ઉપસ્થિત રહયા હતાં.

શિલ્પ ગ્રુપના ફાઉન્ડર અને સીઈઓ યશ બ્રહ્મભટ્ટ એ જણાવ્યું કે 'અમારું વિઝન અમારા ગોલ્સ પૂરા કરતા કરતા એન્વાયરમેન્ટલ સસ્ટેનિબિલિટી અને લોકલ ઈકોનોમીને સપોર્ટ કરવાનો પણ છે જેથી આવનારી પેઢી સક્ષમ બની શકે. ગિફ્ટ સીટી ખાતે અમે રેસિડેન્શિયલ પ્રોજેક્ટ ના લોન્ચ સાથે ખુબજ ઉત્સાહિત છીએ, રેરા મળ્યા ના ૨ થી ૩ મહિના ની અંદર બુકીંગ ની શરૂઆત કરવામાં આવશે અને બાંધકામ માં લગભગ ૪ વર્ષ નો સમયગાળો લાગશે આ પ્રોજેક્ટ માં કુલ ૫૮૫ રેસિડેન્શિયલ યુનિટ નો સમાવેશ કરવામાં આવ્યો છે. ગિફ્ટ સિટી વૈશ્વિક સ્તરે નાણાકીય કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે અને બહુરાષ્ટ્રીય કોર્પોરેશનો અહીં રોકાણ કરે છે જેથી અહીં રેસિડેન્શિયલ મિલ્કતો ની માંગ યથાવત રહેશે.'

જન્મદિને વધામણી

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા
શિક્ષણમંત્રી, ગુજરાત રાજ્ય

ડો. ગાયત્રીબેન બારોટ
આચાર્ય, નીમા આર્ટ્સ કોલેજ
મો.૭૯૨૩૨૯૬૧૫,૯૯૭૪૧૩૬૩૧૭

હિરેનકુમાર વી રૂપાલા
મો. ૯૦૯૯૯ ૫૨૫૮૧

હની ડી ગજ્જર
મો. ૯૪૨૮૦ ૨૮૦૯૩

મનીષા એમ નાઈ
મો. ૭૦૪૩૮ ૨૮૨૬૪

પટેલ જશુભાઈ રમણભાઈ
મો. ૯૪૨૬૫ ૩૪૫૨૮

ભાગ્યશ્રી ઉમંગ લીંબાચીયા

તસવીર
શિલ્પેશકુમાર પરમાર



જયવર્ધનસિંહ રાઓલ ચાવડા
મો. ૯૬૬૨૦ ૩૯૪૭૦

રમેશભાઈ મોહનભાઈ પરમાર
ટ્રસ્ટી, સુરેન્દ્રનગર જિલ્લા મિત્ર મંડળ, ગાંધીનગર
મો. ૯૯૭૯૦ ૮૨૯૬૨